# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ચાલ હવે તું ખુદને મળ
મ્હોરામાંથી બહાર નીકળ !
સાવ નકામા કળ,બળ,છળ,
જેવાં કર્મો તેવાં ફળ !
જીવનમાં તો અગણિત ભવ
મૃત્યુની બસ,એક જ પળ !
પસ્તાવાથી પાવન થા-
અશ્રુ પણ છે ગંગાજળ !

- અમર પાલનપુરી.

## પાથેય

- રમેશ ઠક્કર

# પસ્તાવાનું પાવન જળ...

આયખામાં અનેક લોકોને મળતો માણસ એકાદવાર જો પોતાને જ મળવાનો ઉપક્રમ રાખે તો એક નવી આબોહવા પામતો હોય છે..પોતાનામાં જ રમમાણ રહેતા માણસને ટપારવાનું કામ કોઈ સંત અથવા તો કવિ જ કરીએ શકે..આપણે જીવીએ છીએ કે અભિનય કરીએ છીએ એની જ આપણને ખબર પડતી નથી..આપણો મુળ સ્વભાવ શું છે ? આપણી તલાશ શું છે ? એની દરકાર આપણને હોતી નથી..માણસ એટલે એક અજાયબ કોચલું..એક મલકતું મ્હોરૂં..આપણે મોટાભાગે એમાંથી બહાર નીકળતા હોતા નથી..આપણી મનગમતી દુનિયા એટલે આપણે જ નક્કી કરેલા જગતમાં જીવવું..કોઈક ડાહ્યો માણસ આપણને ટપારે ત્યારે જ ખબર પડતી હોય છે કે મ્હોરા બહારનો માહોલ જ સાચો અનુભવ હોય છે.

કહેવાય છે કે જેવી કરણી એવી ભરણી..જીવતેજીવ ગામ આખાની કારણવગર પટલાઈ કરતો માણસ કેટલાકને અડફેટે લેતો રહે છે..અમુક માણસો જન્મજાત રીતે પરપીડન કરતા રહે છે..કોઈકે સરસ લખ્યું છે.."માણસ પાપ કરવા પ્રેરાય ત્યારે એની વિવેકદ્રષ્ટિ નષ્ટ થઈ જાય છે. સ્વાર્થ પાપનો પાલક પિતા છે. માણસ પાપનો ખરા હૃદયથી પશ્ચાતાપ કરે તો તેનું મન હળવું થઈ જાય છે અને માનસિક શાન્તિ અનુભવે છે. છૂપાઈને કરેલું પાપ માણસને જીવનભર ચૂભે છે. સંસ્કૃતના એક શ્લોકમાં કહ્યું છેક ઉચ્ચકોટિના પુણ્ય અને નિમ્નકોટિના પાપનું ફળ ત્રણ વર્ષોમા, ત્રણ માસમાં કે ત્રણ પખવાડિયામાં માણસને મળી જાય છે.

માણસ મોહવશ પાપ કરે છે અને ઈર્ષ્યાવશ પણ યશ ખાતર પાપ કરે છે અને મોહવશ પણ માણસ ડરનો માર્યો એક પાપમાંથી બીજા પાપમાં ફસાયા કરે છે. માણસને સજ્જન બનવા કરતાં સજ્જન દેખાવામાં વધુ રસ હોય છે. એટલે તોરલે જેસલ બહારવાટીઓને કહ્યું હતું કે, ''પાપ તારું પરકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે, તારી બેડલીને બૂડવા નહીં દઉં''

માણસ પાપ કરે કે કરાવે બંને સરખાં જ દુષ્કૃત્યો માટે જવાબદાર ઠરે છે. કોઈ પાપ મોટું પણ નથી અને કોઈ પાપ નાનું પણ નથી. પાપનું ફળ છૂપાવનાર પોતાને માથે પાપનો ભાર લઈને ફરે છે પણ પાપ પ્રગટ કરવામાં તેને સામાજિક દ્રષ્ટિએ મોટું નુકસાન થવાનો ભય સતત સતાયા કરે છે. માણસ પુણ્યને દૂધ પીવડાવે કે ન પીવડાવે પણ પાપને તો છપ્પનભોગ ધરાવે છે.સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે તેમ પરોપકાર જ ધર્મ છે અને પરપીડન પાપ. શક્તિ અને પૌરુષ પુણ્ય છે અને કાયરતા તથા કમજોરી પાપ. સ્વતંત્રતા પુણ્ય છે અને પરાધીનતા પાપ. બીજાને પ્રેમ કરવો એ પુણ્ય છે અને બીજાનો તિરસ્કાર કરવો તે પાપ. પરમાત્મામાં વિશ્વાસ એ પુણ્ય છે અને સંદેહ એ પાપ. (સર્વમાં) એકતાનું દર્શન એ પુણ્ય છે અને અનેકતાની દ્રષ્ટિઓ પાપ.આજકાલ પાપોની યાદી વિસ્તરતી રહી છે. નવાં-નવાં પાપો તેમાં ઉમેરાતાં જ જાય છે. વૈજ્ઞાનિકો નવી દવાઓ માણસને જીવાડવા શોધે છે તેમ માણસાઈની હત્યા કરવાનું રિસર્ચ વર્ક ચાલુ છે. જેમ-જેમ પ્રલોભનો વધતાં જાય તેમ-તેમ પાપનો વિસ્તીવધારો વધતો જાય છે. આજના માણસની આંખમાંથી લજ્જાનાં નીર સૂકાઈ ગયાં છે. એટલે પાપીઓ વટભેર મહાલે છે. પાપ એ ચેપી રોગ છે. પાપથી પણ ફાયદો થતો જોઈને માણસ પોતે જ પાપ કરવા પ્રેરાય છે. આજે મોટાં પાપો કરવાની હિંમત બહાદુરી અને લોકપ્રિયતાનો માપદંડ બની ગયો છે. ભ્રષ્ટતાને લોકો જન્મસિદ્ધ અધિકાર માનતા થઈ ગયા છે."

કવિ પાપી મુકત થવા માટે પસ્તાવાથી ટપકતાં અશ્રુને ગંગાજળ ગણાવે છે...એ કેટલી સરસ ઉપમા છે.

# આ બધો ધમધમાટ આવી રહેલા વેલેન્ટાઈન ડેને લઈને હતો

"મમ્મી, પેલો ચોક્લેટનો ડબ્બો સાચવીને મૂક્યો છે ને? ગરમી લાગે તો ક્યાંક ચોક્લેટ પીગળી ના જાય!"શુભાંકના સ્વરમાં ચિંતા હતી. "હા બેટા, રસોડાના કબાટમાં નીચે મૂક્યો છે. ત્યાં ઠંડક હોય છે." રેખાબેને એની ચિંતાનો જવાબ આપ્યો. "ઓહ માય મોમ, યૂ આર સો લવિંગ!" શુભાંક મમ્મીને વળગી પડ્યો. "મારો વ્હાલો દિકરો!" મમ્મી પણ ભાવવિભોર થઈ ગઈ.

ઘરના એક ખૂણામાં મા-દિકરાની પ્રેમાળ ધમાલ ચાલી રહી હતી. તો બીજી બાજુ પ્રિયાંશી એના પપ્પાને પૂછી રહી હતી, "પપ્પા, તમે બહુ વાંચ્યું છે. મને કહો ને, કૌશલને આમાંથી કઈ બુક ગમશે?" સૌરભભાઈ હસ્યા,"બેટા, તું રાત-દિવસ એની સાથે વાતો કરે છે. તને ખબર નથી એ ક્યા પ્રકારનું સાહિત્ય પસંદ કરે છે?" પ્રિયાંશી સ્હેજ શરમાઈ, "ઓહ નો પપ્પા, એટલી ખબર છે કે એને રીડિંગનો શોખ છે. પણ એને શું રીડ કરવું ગમે છે એ ખબર નથી." સૌરભભાઈએ પ્રેમાળ સાદે ટકોર કરી, "શું રીડ કરવું ગમે છે એના કરતાં એમ કહે નેકે શું વાંચવું ગમે છે!" પ્રિયાંશીએ મોઢું બગાડ્યું, "ઓકે, શું વાંચવું ગમે છે, બસ? હવે તો કહો, કઈ બુક ગિફ્ટ કરું? હવે એમ ના કહેતા કે ભેટમાં આપું એમ પૂછ!" સૌરભભાઈ હસી પડ્યા, "ના ના, ગિફ્ટ શબ્દ જ બરાબર છે!"

સૌરભભાઈની પ્રિયાંશીની હમણાં જ સગાઈ થઈ હતી અને શુભાંકે પસંદ કરેલી છોકરી પર પપ્પા-મમ્મીએ મહોર મારી દીધી હતી. એટલે આ બધો ધમધમાટ આવી રહેલા વેલેન્ટાઈન ડેને લઈને હતો. પ્રિયાંશી એના પપ્પાની લાડકી હતી. પપ્પાની સાથે એ બધી વાતો "શેર" કરતી હતી. કૌશલને શું સરપ્રાઈઝ આપવી એ પણ એણે પપ્પાને પૂછીને જ નક્કી કર્યું હતું.



સ-રસ
મમતા બુચ

બાપ-દિકરીનો વાતો ચાલતી હતી ત્યાં નીલેશભાઈએ પ્રવેશ કર્યો, "શું ચાલે છે, સૌરભ? શેની આ બધી દોડાદોડી છે?" "અરે આવો, આવો, નીલેશભાઈ." સૌરભભાઈએ ઊભા થઈને આવકાર આપ્યો. "પપ્પા, નીલેશકાકાને કશું કહેતા નહીં હોં! તમે તો પાછા બધું કહી દો એવા છો!" પ્રિયાંશી એના પપ્પાના કાનમાં ધીરેકથી ગણગણીને ઘરમાં અંદર દોડી ગઈ. "શું કહેવાનું નહોતું, પ્રિયા?" સૌરભભાઈએ મોટેથી પૂછ્યું. અંદરથી પ્રિયાંશીનો લાડભર્યો સ્વર સંભળાયો, "પપ્પા! ડોન્ટ ટીઝ મી!" સૌરભભાઈ હસી પડ્યા. નીલેશભાઈ પણ હસ્યા, "હું ખરેખર પૂછું છું. શેની આ ધમાલ છે? અને રેખા કેમ દેખાતાં નથી?"

નીલેશભાઈ સૌરભભાઈના મોટા ભાઈ હતા. એક જ શહેરમાં રહેતા બંને ભાઈઓ વચ્ચે સારા પારિવારિક સંબંધો હતા. "નીલેશભાઈ, આ બધું પેલો વેલેન્ટાઈન ડે આવે છે ને એટલે ચાલી રહ્યું છે. આપણા જમાનામાં તો આવું કઈં નહોતું. હા, ખાલી વેલણટાઈન ડે હતો ને એ તો આજે ય ઉજવાય છે!" નીલેશભાઈ ખડખડાટ હસી પડ્યા, "સાચી વાત. પણ ભ'ઈ, જમાના સાથે આપણે પણ બદલાવું જોઈએ. તું ય રેખાને ક્યાંક બહાર જમવા લઈ જા." સૌરભભાઈની આંખો ચમકી ઊઠી, "હા, એ સરસ આઇડિયા છે. એને થોડીક રાહત મળશે. બિચારી આખો દિવસ ઘરના કામમાં જ પરોવાયેલી રહે છે."

એટલામાં રેખાબેન બહાર આવ્યાં, "અરે, નીલેશભ'ઈ આવ્યા છે! તમે તો મને કહ્યું જ નહીં!" નીલેશભાઈ ઊભા થયા, "ના ના, હું તો જરા આ બાજુ કામથી નીકળ્યો હતો તે મને થયું કે આંટો મારતો જઉં." નીલેશભાઈના ગયા પછી સૌરભભાઈએ પ્રેમથી પત્નીનો હાથ પકડ્યો, "અહીં બેસ ને, થોડી વાત કરવાની છે. જમવામાં આજે શું બનાવ્યું છે?" રેખાબેને હાથ છોડાવી લીધો, "શું તમે ય તે! છોકરાંઓ હજી ઘરમાં જ છે. પછી વાત કરીએ." ઘરમાં અંદર જતાં મનમાં તો એ ગણગણતાં હતાં કે આજે તો એ પણ સૌરભભાઈને ભાવતા ભરેલા ભીંડા બનાવવાનાં છે!

"પપ્પા, કેવી લાગું છું?" પ્રિયાંશીએ બહાર આવીને પૂછ્યું. "પરી જેવી!" સૌરભભાઈની આંખોમાં સ્નેહનો દરિયો છલકાતો હતો. "ઓહ પપ્પા!" પરી પપ્પાને વળગી પડી. "પપ્પા, 'પીઝા વર્લ્ડ'માં ફોન કરીને ટેબલ બુક કરાવી દીધું છે ને? આજે બુક કરાવ્યા વગર તો ક્યાંય જગ્યા નહીં મળે." પ્રિયાંશીના અવાજમાં ઉચાટ હતો. "હા, બેટા, ધીરજ રાખ! મેં કેંડલ-લાઇટ ડીનરની વાત પણ કરી દીધી છે." સૌરભભાઈએ હસતાં-હસતાં કહ્યું. "ઓહ માય બેસ્ટ ફ્રેન્ડ! તમે કેવી મારા મનની વાત જાણી લો છો!" પ્રિયાંશી ઝૂમી ઊઠી. "જાણી જ લઉંને, બાપ છું તારો!"સૌરભભાઈએ પ્રેમથી દિકરીના ગાલે ટપલી મારી. દિકરી નાચતી-કૂદતી બહાર દોડી ગઈ.

એના ગયા પછી શુભાંક ઉતાવળે પ્રવેશ્યો, "મમ્મી, મારે થોડું મોડું થશે. ચિંતા ના કરતી." રેખાબેન હસતાં-હસતાં પાછળથી પ્રવેશ્યાં, "એમ કહે ને કે મને ફોન કરીને ડિસ્ટર્બ ના કરતી!" પતિ સામે જોઈને એમણે ઉમેર્યું, "કામ્યાને ભાવે છે એવું ફૂડ મળે છે ત્યાં એણે એક અઠવાડીયા પહેલાં બુક કરાવી દીધું છે." "બાય મોમ, બાય ડેડ!" શુભાંક દોડી ગયો.

રેખાબેન અને સૌરભભાઈના ચહેરા પર સંતોષનું સ્મિત હતું. "હાશ! છોકરાંઓ કેવાં ખુશ થઈને ગયાં! આપણે તો એ ખુશ એટલે આપણે ખુશ!" રેખાબેન ગળગળા સાદે બોલ્યાં. "હા, જો ને, બે ય જણના પગ ધરતી ઉપર ઠરતા જ નથી ને!" સૌરભભાઈએ પત્નીની વાતનો પડઘો પાડ્યો.

"હવે એ લોકો તો અડધી રાત સિવાય ઘરે આવવાનાં નથી. આપણે જમવાનું કઈં કરવાનું છે કે નહીં? મને કકડીને ભૂખ લાગી છે, હોં!" સૌરભભાઈ ઉત્સાહને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરતા બોલ્યા. ત્યારે રેખાબેનને ખ્યાલ આવ્યો કે આ બધી ધમાલમાં ભરેલા ભીંડા તો બનાવવાના જ રહી ગયા છે! એ થોથવાઈ ગયાં. "હું...મને એમ કે તમારા માટે આજે ભરેલા ભીંડા બનાવી દઈશ. આમે ય છોકરાંઓને બહુ ભરેલા ભીંડા ભાવતા નથી." સૌરભભાઈ ધીમું હસ્યા, 'આજકાલનાં છોકરાંઓને આવું દેશી ખાવાનું ક્યાં ભાવે જ છે!"

રેખાબેન લગભગ રડવા જેવાં થઈ ગયાં. "હા,પણ ......મને એમ કે મને ભીંડા ભરવાનો ટાઈમ મળશે. પણ.....ભીંડા ઘરમાં છે નહીં......મને એમ કે હું શાક-માર્કેટમાંથી હમણાં લઈ આવીશ પણ.....આ શુભાંકની તૈયારીઓમાં જઈ જ ના શકી."

સૌરભભાઈએ પ્રેમથી પત્નીને માથે હાથ ફેરવ્યો, "તને ખબર નથી કે તેં કેટલું સારું કર્યું છે! મેં આજે નક્કી કર્યું છે કે આજે હું તને બહાર જમાડવા લઈ જઈશ. આપણે બે તો કેટલાય વખતથી એકલાં બહાર ગયાં જ નથી. જલ્દી તૈયાર થઈ જા." રેખાબેનનો રડમસ ચહેરો ખીલી ઉઠ્યો.

પતિ-પત્ની ટૂ વ્હીલર ઉપર નીકળી પડ્યાં. પણ રે નસીબ! આજ વેલેન્ટાઈન ડે પર એક પણ રેસ્ટોરન્ટ ખાલી ન મળી. છ-સાત રેસ્ટોરન્ટ ફર્યા પછી સૌરભભાઈ વીલે મોંઢે પત્ની પાસે પાછા ફર્યા, "રેખા, બાળકો માટે રેસ્ટોરન્ટ બુક કરવામાં ને કરવામાં આપણે ભૂલી ગયાં કે આપણે પણ વેલેન્ટાઈન ડે ઉજવવાનો છે!"

રેખાબેનના ચહેરા ઉપર સ્મિત પથરાઈ ગયું, "સાંભળો, આપણે ઘણા વખતથી હાઈવે ઉપર ગરમાગરમ મકાઈ ખાવા નથી ગયાં. આજ મને ત્યાં લઈ જાવ ને!"

તે રાત્રે શુભાંક, પ્રિયાંશી અને એમનાં મમ્મી-પપ્પા- બધાં વેલેન્ટાઈન ડે ઉજવી રહ્યાં હતાં પણ શુભાંકનું કોંટિનેંટલ ફૂડ અને પ્રિયાંશીના મેક્સીકન પીઝા સૌરભભાઈ અને રેખાબેનની ગરમાગરમ મસાલેદાર મકાઈની સામે ફિક્કાં પડી રહ્યાં હતાં.

mtabuch150@gmail.com

# ઓયે, ચાલને ખુદને પણ ભૂલી જવાય એવો પ્રેમ કરીએ!

આજકાલ પ્રેમને નામે એટલાં બધાં તાયફા, એટલાં બધાં નાટક ચાલી રહ્યાં છે કે યુવાધન બિચારું કારણ વગર દુઃખી થઈ જાય. એમાંય ફેબ્રુઆરી મહિનો આવે એટલે તો જાણે પ્રેમ કરવાનો મહિનો આવી ગયો. કેટકેટલી જાતના તો ડે ઉજવાય છે. ઠીક છે તમારે ઉજવણી કરવી છે તો કરો એની મનાઈ નથી પણ તમારી એ ઉજવણીઓને બીજાને નીચા દેખાડવાનું સાધન બનાવો એ ખોટું છે.

તમે યુવાન છો અને હજી તમારા જીવનમાં કોઈ બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ નથી આવી તો તમારું કંઈ નહીં થઈ શકે. તમારી જુવાની બેકાર રીતે પસાર થઈ જવાની. નક્કી તમારામાં જ કોઈ ખામી છે. તમે કાં તો જરાય આકર્ષક નથી દેખાતા કાં તો તમે લલ્લું છો. તમારું કંઈ જ નહીં થાય. તમે આજીવન લુઝર બની રહેશો... બસ, આવું જ બધું યુવાનોના મનમાં ઠસાવવામાં આવી રહ્યું છે અને યુવાધન પાછું એમાં ભોળવાઈ રહ્યું છે.

પ્રેમ જેવા ખૂબ જ મહત્વના અને લાગણીશીલ વિષયને આજે અમુક કહેવાતા બુદ્ધિજીવી વર્ગ દ્વારા ધંધો બનાવી દેવાયો છે. આજે તમે પ્રેમમાં પડો તો એ પ્રેમમાં લાગણીભીની વાતો હોય, ના હોય પણ ગજવામાં રૂપિયા હોવા ફરજિયાત છે. રાત દિવસ એકબીજાને યાદ કરો એટલું પૂરતું નથી રાત દિવસ ચેટીંગ ચાલું રહેવું જોઈએ. તમારા કપલ વિડિયો ઈન્સ્ટાગ્રામમાં ધૂમ મચાવતા હોવા જોઈએ અને એ વિડિયો રેકોર્ડ કરવા મોંઘો ફોન, સુંદર કપડાં, મેકઅપ અને હેર સ્ટાઈલ વગેરે હોવા જરૂરી છે. રોજ રોજ વિડિયો રેકોર્ડ કરવા કોઈ સરસ લોકેશન પર જવું પડે એનો ખર્ચ પાછો અલગ. પ્રેમમાં પડ્યા છો એટલે ગર્લફ્રેન્ડને લઈને સારી હોટેલમાં ખાવા જવું પડે, ફિલ્મ જોવા જવું પડે, સાદી લારી પરની ચા તો ભૂલી જ જવાની કાફેમાં જઈને કેપચીનો કે કોલ્ડ કૉફી પીવી અને પીવડાવવી પડે...દસ વીસ રૂપિયામાં પતી જાય એવું હોય ત્યાં બસો ત્રણસો રૂપિયાનો ખર્ચો પાક્કો. આટલેથી આગળ હજી ગર્લફ્રેન્ડને અને એના સહેલીઓને દેવાની ગીફ્ટની તો વાત જ નથી કરી...

મને તો એ જ નથી સમજાતું કે સ્કૂલ કોલેજમાં ભણી રહેલો છોકરો જ્યારે પ્રેમમાં પડે ત્યારે આ બધા ખર્ચા પૂરા કરવા નાણાં ભંડોળ ક્યાંથી લાવતો હશે? એને ઘરમાંથી જે થોડા ઘણા રૂપિયા મળતા હોય એ તો થોડાક જ દિવસોમાં ઉડી જાય એ પછી... એ પછી ગર્લફ્રેન્ડ પણ ઉડી જતી હશે કે છોકરો બિચારો હાથે કરીને એને ઉડાડી મૂકવા મજબૂર થતો હશે. એમાં પાછા આ વિવિધ ડે આવે ત્યારે...પ્રેમ કરવું જ એક મોટી ભૂલ કરવા જેવું લાગે એમાં નવાઈ જેવું રહે છે કંઈ!

ઘણા લોકો આ બધું સમજીને જ હોબાળો કરે છે કે આ આપણી સંસ્કૃતિ નથી. એ લોકો વેલેન્ટાઈન્સ ડે નિમિત્તે થતી પાર્ટીઓ અને ઉજવણીઓને રોકવા પ્રયાસ કરે છે ત્યારે પાછા આ જ યુવાનો અમારી આઝાદી અને અમારી સ્વતંત્રતા પર તરાપ મારવી રહેવા દો કહેતા વિરોધ કરવા આવી જાય છે. તમારે આ રીતે જ પ્રેમ કરવો હોય તો કરો, કોઈ ગર્લફ્રેન્ડ મળી ગઈ હોય તો જે ખર્ચા કરવાનું મન થાય એ કરી લો પણ પછી એ બિલ તમારા બાપાને નામે ફાડવાનું બંધ કરો યાર. જ્યાંથી આ ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડ કલ્ચર આપણા દેશમાં ઘૂસ્યું છે એ દેશમાં યુવાન છોકરાઓ એમના કે એમની ગર્લફ્રેન્ડના ખર્ચા પૂરા કરવા જાતે કમાઈ લેતા હોય છે એ વાતે કોઈ પ્રેરણા નથી લેતું.

આપણાં દેશમાં તો બાળક જન્મે ત્યાંથી લઈને માબાપ જીવતા હોય ત્યાં સુધી એ સંતાન માબાપની જવાબદારી હોય છે. એ ભલે ગમ્મે એવડું મોટું થાય કે એના ઘેર પણ બાળકો આવી જાય આપણે ત્યાં માબાપ છોકરાઓને જાકારો નથી આપતા. એ જાતે કમાતો ના થાય ત્યાં સુધી એના બધા ખર્ચા પૂરા કરવામાં એમને કોઈ વાંધો નથી આવતો પણ સામે એમની મજબૂરી કોણ સમજે છે? જે છોકરાની કોલેજની ફી ભરતા ભરતા જ એના બાપા લાંબા થઈ જતા હોય ત્યાં એ છોકરાનો પ્રેમ કરવાનો ખર્ચો ઉઠાવવાની વાત જ હાસ્યાસ્પદ નથી લાગતી.

જે છોકરો સમજદાર હશે એ આવા પ્રેમના ચક્કરમાં પડશે જ નહિ. જે ખરેખર સમજદાર હશે એ એમના જેવી જ સમજદાર છોકરીના પ્રેમમાં પડશે અને બંને સમજદારી દાખવી પ્રેમ કરશે ત્યારે જઈને એમને સમજાશે કે પ્રેમ એટલે એકબીજાને અપાતી ભેંટ સોગાદો નહીં પણ એકબીજા માટે લેવાતી દરકાર. પ્રેમ એટલે દિવસ રાત એકબીજા સાથે થતું ચેટિંગ નહીં પણ એકબીજા સાથે ચિટિંગ કરવાનું મન જ ના થાય તે. પ્રેમ એટલે માબાપને માથે ઓચિંતો આવી પડેલો ચિંતાનો પહાડ નહીં પણ એ ધરપત કે ચાલો આપણો દીકરોય હવે થાળે પડી જશે.

બધી વાતો ખાલી છોકરાઓને જ લાગુ પડે છે એવું નથી હોં. આજની યુવાન છોકરીઓ પણ આવી બધી તકલીફ વેઠી જ રહી છે. માન્યું કે એમને છોકરાઓ કરતા રૂપિયા ઓછા ખર્ચ કરવા પડતાં હશે, એમનો બોયફ્રેન્ડ ફોનનું ડેટા પેક રિચાર્જ કરવાથી લઈને હોટેલના ખાણા અને ફિલ્મ જોવા સુધીનું બધું ગોઠવી લેતો હશે પણ શું એ બધું કર્યા બાદ એની કોઈ અપેક્ષા નહીં હોય એવું માની લેવું ભૂલ ભરેલું નથી?



નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

વ્હાલી છોકરીઓ આપણે ભલે ગમ્મે એટલા મોર્ડન બનવાનો ભ્રમ પાળી લઈએ હકીકત એ છે કે મહિનાને ઉપર થોડા દિવસ થઈ જાય અને જો ઘરની યુવાન દીકરીને પિરિયડ્સ ના આવે તો ઘરમાં ચિંતા થાય છે જ. એવી વાત માબાપને કહેવાની હજી તમારી હિંમત નથી થતી ને... તમારો બોયફ્રેન્ડ તમને એવા સંજોગોમાં મદદ કરવા ઈચ્છતો પણ હોય તોય એ શું કરી લેવાનો? છોકરો એકવીસ વર્ષનો ના થાય ત્યાં સુધી તો આપણો કાયદો પણ એને પરણવાની છૂટ નથી આપતો. તમે જ કહો, તમારા ભાવિ જીવનસાથી તરીકે તમે કેવા યુવાનની કલ્પના કરશો...એક એવો યુવાન જે કોઈ વ્યવસ્થિત નોકરી/ધંધો કરતો હોય કે એક એવો યુવાન જેના હજી નોકરીના ઠેકાણા ના હોય અને એ એક બાળકનો બાપ બની ચૂક્યો હોય?

આતો વાત થઈ સારા યુવકની પણ બધા યુવક સારા જ હોય છે એવું થોડું છે? માની લો કે તમારો ભેંટો કોઈ ગલત છોકરા સાથે થઈ ગયો અને એણે તમારા ભોળપણનો લાભ ઉઠાવી તમારી સાથેના કેટલાક અભદ્ર વિડિયો બનાવી લીધા, ફોટા પાડી લીધા અને પછી તમને બ્લેકમેઈલ કરવાનું ચાલું કર્યું તો તમે શું કરશો? એ વખતે માબાપ પાસે જઈ પોતાની ભૂલ કબૂલ કરવાની હિંમત થઈ શકશે? જો તમે એવી હિંમત કરી લેશો તો યાદ રાખજો બચી જશો...અને એને જ સાચી રીતે આધુનિક વિચારસરણી ધરાવતી યુવતી કહી શકાય.

આજકાલ લીવ ઈન રિલેશનશીપની બોલબાલા છે પણ હજી એ ફોરેનનો કોન્સેપ્ટ આપણે સાચી રીતે સમજી નથી શક્યા. એમાં થોડાં દિવસો સાથે સાથે એક ઘરમાં રહ્યા બાદ, એક જ પલંગમાં સાથે સૂતા બાદ લગ્ન કરવા જ પડશે એવી કોઈ પૂર્વ શરત નથી હોતી. એ બધું તો ખાલી એટલું ચેક કરવા માટે કરવામાં આવે છે કે એ બે વ્યક્તિઓને આવી રીતે આજીવન સાથે રહેવાનું ફાવશે કે નહીં. જો બંનેમાંથી એક ને પણ એમ થાય કે મને નહીં ફાવે તો તરત જ એને ત્યાંથી નીકળી જવાની છૂટ હોય છે. આપણે ત્યાં તો બે જણા ઘરવાળાથી છુપાવીને કે લડીને લીવ ઈનમાં રહેવા જશે, બે ત્રણ મહિના મોજ કરી લેશે પછી બંનેમાંથી કોઈ એક લગ્ન કરી લેવા દબાણ કર્યા કરશે. જેવું બીજું પાત્ર એમ કહે કે મારે એ સંબંધમાં આગળ નથી વધવું એવું જ સંબંધનો અંત આવી જશે અને ક્યારેક એ અંત એટલો ભયાનક હોય છે કે આપણે વિચારી પણ ના શકીએ.

અરે અરે આમ ડરી ના જાઓ હું તમને ડરાવવા નહીં, સાવચેત કરવા ઈચ્છું છું. પ્રેમમાં પડો એ હક છે તમારો. સોળ વરસે જ્યારે શરીરમાં હોર્મોનનું લેવલ વધઘટ કરવા લાગે ત્યારે પ્રેમમાં પડી જવાનું મન થઈ જાય એ સાચું પણ એ પ્રેમ એવો ના હોવો જોઈએ જે બાકીનું આખું જીવન તમારા ચહેરા પરથી સ્મિત છોડાવી જાય.

**અમસ્તું,**

પ્રેમ એટલે દિલમાં કોઈ જ કારણ વગર ફૂટતી લાગણી અને એ આજીવન અકબંધ રહેવી જોઈએ.

@Niyati Kapadia

# ઓળખાઈ જવાનો ડર જૂઠને હોય, સત્ય તો ઇચ્છે કે મને બધાં ઓળખે

**તમને જરૂર છે ટકાની ભાઈ મારા ,**
**અમને જરૂર છે કેશની (રોકડાની ) !**
**હાલો પથ્થારી ફેરવીએ દેશની !**

**- કૃષ્ણ દવે**

●●●

આજકાલ દરેક ક્ષેત્રમાં માફિયાગીરી સક્રિય થઈ છે...આવાં સ્થાપિત હિતો કે લુંખ્ખાં તત્વો નિજી સ્વાર્થ માટે સમાજને બહું મોટુ નુકસાન પહોંચાડી રહ્યાં છે.પેપર ફોડીને કે ભ્રષ્ટાચાર આચરી ગમે તેવા મોટા હોદ્દા પર નોકરી મેળવી લેનારા કેવું કામ કરશે ? પેપર ફોડી ને મેળવેલી યોગ્યતા એમને વ્યવસાય કે હોદ્દામાં સફળતા અપાવશે ખરી ?!

ભૂતકાળમાં એક સમયે ધોરણ ૧૦ - ૧ ૨ ની બોર્ડની જાહેર પરીક્ષા વખતે પરીક્ષા કેન્દ્રો પર પોતાના બાળકોને કાપલી આપવા વાલીઓનુ કિડીયારુ ઉભરાતું.... આવાં દશ્યો જોઈને આઘાત લાગતો ને મનોમન વિચારતો કે આવા પરીક્ષાર્થીઓ મોટા થઈને પ્રામાણિક કઈ રીતે થશે ??!!

દોસ્તો , હું તો ત્યાં સુધી કહું , આ દેશના યુવાનો અને વાલીઓએ પોતાના દેશ પ્રત્યે જો સાચો પ્રેમ હોય તો સૌ નક્કી કરે કે અમે એવાં સંતાનો પેદા નહીં કરીએ કે જેઓ ફૂટેલા પેપરમાંથી અધિકારી બને...સરકારે જ નહીં સમાજે પણ જાગ્રત થવાની જરૂર છે.

આપણાં સૌમાં એક એવી માનસિકતા ઘર કરી બેઠી છે કે , ભણવું એટલે સરકારી નોકરી. આમાંથી બહાર આવવાની જરૂર છે.શિક્ષણથી ઉત્તમ માનવ પેદા કરવાનાં આપણાં સપનાં ઊંધા પડ્યાં. " સાક્ષરાઃ વિપરીતા ભવતિ રાક્ષસાઃ" - એ ન્યાયે શિક્ષણના વ્યાપની સાથે સાથે ગુનાખોરીનો આંક વધ્યો...પેપર પહેલાં તો આપણું ચારિત્ર્ય ફૂટ્યું છે..વધું પડતી અપેક્ષા ઓ ફૂટી છે...સફળતાનાં ટૂંકા રસ્તાઓ કુમાર્ગે લઈ જાય.. ત્યારે આવી દયનીય દુર્ઘટનાઓ સર્જાય...જે સમાજ માટે ચિંતા અને ચિંતનનો વિષય છે.

એક બાજું " પરીક્ષા પે ચર્ચા ", પરિક્ષા પર્વ...પરીક્ષાનો " હાઉ " દુર કરવાની મસમોટી ચર્ચા ઓ...શિક્ષક દ્વિધામાં છે , ક્યા ગુણ મહત્વના - જીવનના કે પરીક્ષાના !! અરે, પરીક્ષાની ચિંતા વિદ્યાર્થી કરતાં એનાં વાલીને વધું છે..પોતાનુ બાળક આ ઘોડા દોડ માં પાછળ રહી જશે તો ? આ અશ્વ દોડ તો ૯૦ - ૯૫ ટકા એ પણ અટકતી નથી...બસ ઊંચું ગુણાંકન એટલે ઉત્તમ શિક્ષણ..ખરેખર આપણી મૂળભૂત ' કેળવણી ' ને 'શિક્ષણ' માં તબદીલ કરીને ઊંચા ગુણાંક વાળા નૈતિક નિરક્ષરો પેદા કર્યા. કેળવણી ના વ્યામોહમાં ફસાયેલા આજના શિક્ષણને કોણ ઉગારશે ??!! " વિદ્યા ધનમ સર્વ ધનમ પ્રધાનમ્ " વિદ્યા મંદિરોની ભીંતે કંડારેલા આ સૂત્રની ફલશ્રુતિ શું ?!! હવે તો પેલું ગીત " મનમેં હૈં વિશ્વાસ , પુરા હૈં વિશ્વાસ , હમ હોંગે કામયાબ..." શાળાની પ્રાર્થના સભામાંથી પણ ગાયબ થઈ ગયુ છે...!!

સમાજ ના જાગ્રત પ્રહરી ઓએ એક વાત સમજવી પડશે કે Knowledge super power બનવાનું લક્ષ્ય એ બહું સારી વાત છે પણ એનાથી Knowledge Empower થઈ જવાથી સામાજિક ઉન્નતિ સાધી એમ કહેવાશે ખરું ?? શૈક્ષણિક સ્તર ઊંચું લઈ જવાથી જીવન સ્તર - Status of living સારુ થઈ શકશે પ...ણ... જ્યાં સુધી Basic Human Morality - મૂળભૂત માનવીય નૈતિકતા વ્યક્તિમાં નહીં કેળવાય ત્યાં સુધી સમાજમાં અનૈતિક ઘટનાઓ ઘટતી જ રહેવાની...શાંતિ અને ન્યાય શકય જ નથી..



લાગણીનો મેળો
રસિક વાળંદ

સૌ એ વાત સારી રીતે જાણે છે કે ATM લૂંટવાથી માંડીને Internet કે બેંક Fraud સુધી અને દેશમાં થયેલા કરોડો - અબજો રૂપિયાનાં કૌભાંડોમાં ઉચ્ચ શિક્ષિત વ્યક્તિ ઓ જ સંકળાયેલી છે..એ જ સાબીત કરે છે કે આજના શિક્ષણે ચોર, લુંટારા, સ્વાર્થી ને અસંવેદનશીલ લોકો પેદા કર્યા....જો કે આ માટે શિક્ષણ એકલું જવાબદાર નથી..આપણો સમાજ અને પરિવાર પણ કારણભૂત છે જ...

ખેર , એક દૃષ્ટાંત યાદ આવે છે , "ગુરુ ગોવિંદસિંહને શિષ્યે ચાંદીના પ્યાલામાં પાણી આપ્યું. ગુરુ એ એનાં હાથ તરફ જોઈ કહ્યુ , ' બેટા, તારો હાથ બહું કોમળ છે. ' શિષ્યે કહ્યું , ' કોમળ જ હોય ને ગુરુજી ! ઘરમાં નોકર - ચાકર છે, પિતાજીની પેઢી છે. કદી હાથે કામ કરવું જ નથી પડતું. ' ગુરુ ગોવિંદસિંહે કહ્યું કે , 'તો આ પાણી હું નહીં પીઉં , જે હાથ કામ કરતા જ નથી અને સુખ - સુવિધા ભોગવ્યા કરે છે તેને પવિત્ર કેમ કહેવાય ?!!'

દોસ્તો, આપણાં પ્રાચીન ગુરુકુળ પરમ્પરા માં કૌશલ્યની સાથે સાથે ઉત્તમ માનવ્યની કેળવણી અપાતી ..સ્વામી વિવેકાનંદે પણ આ વાત દોહરાવી છે, Man Making and Character Building. ભારત સરકારે વ્યાપક દષ્ટિકોણ અને લાંબા મંથન પછી નવી શિક્ષણ નીતિ ઘડી છે જેના અમલ માટે તળે ઉપર છે ત્યારે આશા રાખીએ કે નૂતન શિક્ષણ તરાહ આપણા ખોવાયેલા નચિકેતા...વિવેકાનંદ...અને કલામ...આપણને પાછા મેળવી આપે...!!!

**સ્પર્શમણિ**

**ઓળખાઈ જવાનો ડર જૂઠને હોય, સત્ય તો ઇચ્છે કે મને બધાં ઓળખે.**

●●●

**ધીમી સફળતા ચારિત્ર્યનું નિર્માણ કરે છે, ઝડપી સફળતા અહંકાર પેદા કરે છે.**

- rasikvaland1965@gmail.com
Mo.9913426949